મહત્તમ : ૨૩.૬ ડીગ્રી
લઘુતમ : ૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૪૬ ટકા
ગાંધીનગર તાપમાન

# સે-૨૬માં પરિવાર સુતો રહ્યો અને તસ્કરો કળા કરી ગયા

## ગ્રીનસીટી સોસાયટીમાં ત્રાટકેલા તસ્કરો રાત્રે એક મકાનની બારીની ગ્રીલ તોડીને અંદર ઘૂસ્યા અને મકાનમાંથી ૧૭ તોલા વજનનાં સાડા ત્રણ લાખથી વધુ કિંમતના દાગીના સાફ કરી ગયા સવારે પરિવારના સભ્યો ઉઠ્યા ત્યારે ઘરફોડ અંગે જાણ થઈ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ જીઆઈડીસી પાસે આવેલા ગ્રીનસીટી સોસાયટીમાં રહેતા એક નિવૃત્ત કર્મચારીના મકાનમાં ગઈકાલની રાતની કડકડતી ઠંડીમાં તસ્કર ટોળકી ત્રાટકી હતી. નવાઈની વાત એ છે કેઆ આખો પરિવાર રાત્રે મકાનમાં જ સૂતેલો હતો. તેમ છતાં તસ્કરોએ અંદર ઘૂસીને ચોરી કરવાની હિંમત કરી હતી. મકાનની બારીની ગ્રીલ તોડી ને ઘૂસેલા તસ્કરો અંદરથી ૧૭ તોલાથી વધુ વજનના સોનાના દાગીના સહિત સાડા ત્રણ લાખથી વધુ કિંમતની મતાની ચોરી કરી સરકી ગયા હતા. પરિવારના સભ્યો સવારે સાડા સાત વાગ્યાના અરસામાં ઉઠ્યા ત્યારે ખબર પડી કે તેમના મકાનમાં હાથ ફેરો થઈ ગયો છે. ઘરફોડ ચોરી મામલે સેક્ટર-૨૧ પોલીસ મથકમાં મકાન માલીકે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ ખાતે ગ્રીનસીટી સોસાયટીમાં મકાન નં.૧/૧૨ માં રહેતા ગીરીશભાઈ રસિકલાલ અધ્યારુ હાલ નિવૃત જીવન ગાળે છે. ગઈકાલે રાત્રે ગીરીશભાઈ, તેમની પત્ની અને તેમની દીકરી પોતાના મકાનમાં પહેલા માળે સુઈ ગયા હતા. ગીરીશભાઈની વયોવૃદ્ધ માતા મુક્તાબેન જે શ્રવણ શક્તિ ગુમાવી ચૂક્યા છે તેઓ નીચે બેડરૂમમાં સુઈ ગયા હતા. રાત્રે પરિવારના ચાર સભ્યો મકાનમાં સૂઈ ગયા હોવા છતાં તસ્કરોએ આ મકાનને ટાર્ગેટ કરી હિંમતપૂર્વક ચોરી કરી છે. તસ્કરોને જાણે પોલીસનો ડર જ ન હોય તેમ બિન્દાસ્તપણે આ મકાનમાં બારીની ગ્રીલ તોડીને ઘુસ્યા હતા અને મકાનમાં ઘૂસીને રાત્રી દરમિયાન નિરાતે કબાટ અને તિજોરી ફંફોસી હતી. તસ્કરોના હાથે ૧૭ તોલાથી વધુ વજનના સોનાના દાગીના તથા અન્ય દસ્તાવેજો આવ્યા એટલે થેલો ભરીને રફુચક્કર થઈ ગયા હતા. સવારે સાડા સાત વાગ્યાના અરસામાં ગીરીશભાઈના પત્ની જ્યોતિકાબેન ઉઠ્યા અને નીચેના રૂમમાં ગયા ત્યારે જોયું તો મકાનમાં સામાન વેર વિખેર પડયો હતો અને દરવાજો ખુલ્લો હતો. પતિને ઉઠાડીને ઘટનાની જાણ કરતા તેમણે જોયું તો તેમના મકાનમાંથી તસ્કરો ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. મકાનમાંથી બે તોલા વજનનો સોનાનું મંગળસૂત્ર, ત્રણ તોલાની અલગ અલગ ચેઈન, દસ તોલાનું સોનાના બિસ્કીટ, બે તોલા વજનના ચાર નંગ સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાના સોનાના સિક્કા, હૈદરાબાદ ગોલ્ડ પ્લેટેડ જ્વેલરીના બે નેકલેસ હૈદરાબાદ ગોલ્ડ પ્લેટેડ જ્વેલરીના બે નેકલેસ, આઠ બંગડી, ત્રણ જોડ કાનની બુટ્ટી તથા એક સેટ અને એક મલ્ટીકલર નેકલેસ સહિતના દાગીનાની ચોરી થઈ ગઈ હતી તે ઉપરાંત એલ.આઈ.સી ની બે પોલિસી સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાના બેંક ડિપોઝિટ ના ૨૦ સર્ટી તથા તેમની દીકરીનું એક લેડીસ પર્સ જેમાં ડ્રાઈવિંગ લાઈસન્સ, ઈલેક્શન કાર્ડ, પાનકાર્ડ તથા ડેબિટ કાર્ડ મૂકેલા હતા તે પણ ચોરી થઈ ગયા છે.

કુપોષણની સમસ્યાનો બૂમો પાડવાથી અંત આવવાનો નથી. લોકોએ આ જંગમાં જોડાવું પડે. ચેરીટીની શરૂઆત ઘરઆંગણે જ કરવી પડે.... ગાંધીનગરના મારૂતિ ચેરીટેબલ ટ્રસ્ટે આ શરૂઆત કરી છે. છેલ્લા બે દિવસથી ટ્રસ્ટના સભ્યો ગરીબ કુપોષિત બાળકો અને મહિલાઓને દૂધની ૫૦૦ મી.લી.ની થેલી-બિસ્કીટના પેકેટ આપીને પોતાની સમાજ પ્રત્યેની ફરજ અદા કરી રહ્યા છે.

# લર્નો-ફેસ્ટ કાર્નિવલમાં ૭૫થી વધુ મોડેલ્સ પ્રસ્તુત કરાયા

ગાંધીનગર, તા. ૨૮

વિદ્યાર્થીકાળ એટલે શીખવવું. ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તાર સ્થિત સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે તાજેતરમાં શીખવુ અને શીખવવાના ઉત્સવ સમાન 'લર્નો ફેસ્ટ કાર્નિવલ' ઉજવાઈ ગયો જેમાં સંસ્થાના આઈસીએસઈ તથા જીએસઈબી બોર્ડના બંને માધ્યમના વિદ્યાર્થીઓએ પોતાની આગવી પ્રતિભા અને બુદ્ધિ કૌશલ્ય થકી અથાગ પુરૂષાર્થના અંતે તૈયાર કરાયેલા વિવિધ પ્રોજેક્ટ્સ રજૂ કરાયાં હતા.

''લર્નો-ફેસ્ટ કાર્નિવલ'માં અન્ડર-સેવન વન્ડર સેવન, સ્માર્ટ સાયન્સ ઝોન, કોપર્સપ્લસ ઝોન વગેરેના વિદ્યાર્થીઓ દ્વારા ૭૫થી વધુ મોડેલ્સ તૈયાર કરાયાં હતા. જેને તૈયાર કરી વિદ્યાર્થીઓએ પ્રેક્ટીકલ જ્ઞાન પ્રાપ્ત કરવાનો અને મુલાકાતીઓને તે અંગે માહિતી પ્રદાન કરવાનો પ્રસંશનીય પ્રયાસ કર્યો હતો. આ કાર્નિવલમાં કોમર્સના વિદ્યાર્થીઓએ જીએસટી વિષયે પ્રસ્તુત કરેલ પ્રોજેક્ટના સંદર્ભે સંચાલક એસએમવીએસ સંસ્થાના સંત પૂ. સત્ય સંકલ્પ સ્વામીજીએ મુલાકાતીઓને આદર્શ નાગરિકની ભૂમિકા ભજાવવા તથા દેશના ઉત્કર્ષ માટે સહભાગી થવાના હેતુથી પ્રત્યક્ષ કરવેરાની પ્રમાણિકતાથી ચુકવણી કરવાના શપથ ગ્રહણ કરાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે 'લર્નો ફેસ્ટ કાર્નિવલ'ના પ્રારંભેએસએમવીએસ સંસ્થાના સંત પૂ. મૂર્તિસ્વામી, ડૉ. શેખર, ડૉ. અર્ધ્વ મુખરજી તથા ટ્રસ્ટી શૈલેષભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની રવિવારે બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની ડીસેમ્બર માસની બેઠક તા. ૩૦મી ડીસેમ્બરના સાંજે સાડા ચાર કલાકે ગાંધીજન અમૃતભાઈ ત્રિવેદીના નિવાસે ૬૨૮, વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર-૨૨ ખાતે યોજાશે.

ગાંધીજીવન દર્શન વિષે વાર્તાલાપ તેમજ ગાંધી ૧૫૦ વર્ષના કાર્યક્રમોનું આયોજન વિષે વિચાર વિમર્શ થશે તેમ પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ જણાવેલ છે.

## સમર્પણ આર્ટસ-કોમર્સ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જોગ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સેકટર-૨૮ સ્થિત સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ 'આસ' દ્વારા સંસ્થાના આરંભકાળ વર્ષ ૧૯૯૬થી આજ સુધીમાં સંસ્થામાં ભણીને સ્નાતક પદવી પ્રાપ્ત કરી હોય તેવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જેઓ પ્રાધ્યાપક, શિક્ષક, સરકારી અધિકારી, સરકારી કર્મચારી, સી.એ., સી.એસ., પોલીસ અધિકારી, ન્યાયાધીશ, એડવોકેટ, નોટરી, મિડીયા સંચાલક, પત્રકાર, બેંક અધિકારી, ખાનગી વ્યવસાય, સહકારી ક્ષેત્રે પદાધિકારી, સેવાકીય પદાધિકારી (એનજીઓ) વગેરેમાંથી કોઈ પણ ક્ષેત્રે કાર્યરત હોય તો તેમણે પોતાના નિમણુંક પત્રની નકલ **samarpanalumni@gmail.com** ઈ-મેઈલ આઈડી પર મોકલી આપવા જણાવવામાં આવ્યું છે. આ સાથે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સંસ્થાના એલ્યુમની ફેસબુક પેજ પર નોંધણી કરાવવા પણ જણાવાયું છે. આ માટે વધુ વિગત મેળવવા આચાર્ય ડૉ. દીપક પંડયા, મો.નં. ૯૪૨૭૦૨૬૯૭૯, આસ કો ઓર્ડિનેટર પ્રો. સુરેન્દ્રસિંહ વાઘેલા, મો.નં. ૯૯૯૮૯૫૭૬૦૯, આસ પ્રમુખ દીપક પ્રજાપતિ મો.નં. ૯૮૨૫૩ ૬૫૪૨૫ અથવા વિપુલ ચૌહાણ મો.નં. ૯૦૬૭૧૩૧૩૭૨ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

### ૩૧ ડિસેમ્બરને લઈ ડિસ્કાઉન્ટ ઓફરોની બોલબાલા

# ઓનલાઈન ફુડ ડીલીવરીમાં પણ ચાલી રહેલી ગળાકાપ સ્પર્ધા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં ૩૧મી ડિસેમ્બરની ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ૩૧ મી ડિસેમ્બરને ગણતરીના દિવસો આડે રહ્યા છે ત્યારે યુવાવર્ગમાં અનેરો માહોલ જોવા મળે છે. નવા વર્ષને વધાવવા અને જુના વર્ષને બાય બાય કરવા માટે યુવાધન થનગની રહ્યું છે. ૩૧ મી ડિસેમ્બરને લઈ વિવિધ સ્થળો પર ડી.જે.પાર્ટી યોજાવાની છે. ત્યારે શહેરના બજારોમાં પણ ૩૧ ડિસેમ્બરને પગલે વિવિધ ગ્રાહકોલક્ષી સ્કીમો મુકવામાં આવી છે. ૨૫ થી ૩૧ ડિસેમ્બર દરમિયાન વિવિધ દુકાનદારો તેમજ વેપારીઓએ ક્રિસમસને અનુલક્ષી ડિસ્કાઉન્ટ ઓફરો મુકી છે. ડિસ્કાઉન્ટ ઓફરોને પગલે શહેરના બજારોમાં પણ તેજીનો માહોલ જોવા મળે છે. ઓનલાઈન વેપારમાં પણ ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે. દરેક ચીજવસ્તુ પર ડિસ્કાઉન્ટ ચાલી રહ્યા છે જેનો ભરપુર લાભ ગ્રાહકો પણ ઉઠાવી રહ્યા છે. ત્યારે વિવિધ ચીજવસ્તુની સાથે હોટલ, રેસ્ટોરન્ટમાં પણ ૩૧મી ડિસેમ્બર સુધી વિવિધ સ્કીમો મુકવામાં આવી છે. જેમાં કેટલાક દુકાનધારકોએ ૧૦ થી ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપી રહ્યા છે. જયારે ઘરે બેઠા જે જમવાનું જોઈએ પહોંચાડતી ઓનલાઈન ફુડ ની કંપનીઓમાં પણ ગળાકાપ સ્પર્ધા જોવા મળી રહી છે. તેમાં પણ વિવિધ હોટલ, રેસ્ટોરન્ટ, ફુડ સ્ટોલ દ્વારા મસમોટા ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યા છે. ત્યારે ગ્રાહકો પણ કંઈ કંપની દ્વારા સરળતાથી અને સસ્તુ જમવાનું મળે છે તે જોઈને નક્કી કર્યા પછી જ ઓર્ડર આપવામાં આવે છે.

## ઈન્ફોસીટી ટેનિસ એકેડેમીના ખેલાડીઓનું સોફટ ટેનિસ નેશનલ સ્કુલ ગેમ્સમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન

ગાંધીનગર, તા.૨૮

૬૪મી નેશનલ સ્કુલ ગેમ્સ સોફટ ટેનિસ ચેમ્પીયનશીપ, દેવાસ, મધ્યપ્રદેશ ખાતે તા. ૧૪ થી ૧૮ ડીસેમ્બર ૨૦૧૮ દરમિયાન યોજાઈ હતી.

જેમાં અંડર-૧૭ બોયઝમાં કીર્તન પટેલે વ્યકિતગત બ્રોન્ઝ મેડલ જીત્યો હતો જયારે સ્નેહ પટેલ ગુજરાત ટીમ વતી રમ્યો હતો. અંડર-૧૯ ગર્લ્સમાં જાનવી પટેલ ગુજરાત ટીમ વતી રહી હતી જયારે અંડર-૧૯ બૉયઝમાં હંસલ શાહે વ્યકિતગત બ્રોન્ઝ મેડલ અને હંસલ શાહ અને હાર્દિકાસિંહ વાઘેલાએ ગુજરાત ટીમને ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ અપાવ્યો હતો. પ્રકાશ ધોબીએ અંડર-૧૭ બૉયઝમાં ગુજરાત ટીમના કોચ તરીકે ફરજ બજાવી હતી. ઉપરોકત તમામ ખેલાડીઓને આઈસીટીએના કોચીસ પ્રકાશ ધોબી અને સંદીપસિંહ ઝાલાએ માર્ગદર્શન પુરું પાડયું હતું.

## રવિવારે સે-૫-સી શિવશકિત મંદિર ખાતે રમતોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૮

સેકટર-૫-સી શિવશકિત મંદિર ખાતે તા. ૩૦મી ડીસેમ્બરના રોજ રમતોત્સવનું આયોજન કરેલ છે. જેમાં ૯ થી ૧૫ વર્ષના બાળકો તથા મોટી ઉંમરની બહેનોની રમત રાખેલ છે. નામ સ્થળ પર નોંધવામાં આવશે. સવારે નવથી બપોરે બાર કલાક સુધી રમતોત્સવ યોજાશે તો રસ ધરાવનાર સૌને આ રમતોત્સવમાં જોડાવા રઘુવીર પ્રજાપતિ અને મનોજભાઈ જોષીનો સંપર્ક સાધવા જણાવાયું છે.

ઉવારસદ પ્રાથમિક કુમાર શાળા નં.-૨ના ધોરણ-૧થી ૮ના ૨૫૫ વિદ્યાર્થીઓને સ્વેટરનું વિતરણ મેકિંગ એ ડિફરન્સ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર દ્વારા સંસ્થા પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

# ''વિશિષ્ટ'' બાળકો સાથે ''થર્ટી ફર્સ્ટ'' ઉજવી તેમને ''હેપ્પી'' કરવાનો ''વિશેષ'' પ્રયાસ

### કૂડાસણમાં ''સ્પાઈસી સ્ટ્રીટ'' ખાતે આયોજિત ''સ્કેરી નાઈટ'' ડીજે પાર્ટીના ગ્રાઉન્ડમાં ''હેપ્પી યુથ ક્લબ''ના યુવા સ્વયંસેવકો વિશેષ એજ્યુકેશનના સ્પેશિયલ બાળકો સાથે થર્ટી ફર્સ્ટ ઉજવશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં ચોતરફ થર્ટી ફર્સ્ટની ઉજવણીના આયોજનનો માહોલ છવાયો છે જે અન્વયે શહેરમાં અનેક સ્થળે ડીજે ડાન્સ પાર્ટીના આયોજનો થયેલા જોવા મળી રહ્યાં છે. આ સાથે શહેરમાં વિવિધ સેવાકીય સંસ્થાઓ દ્વારા પણ વિવિધ પ્રકારની ઉજવણીના આયોજનો જાવા મળી રહ્યાં છે. આ સંજોગોમાં શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા ''હેપ્પી યુથ ક્લબ'' દ્વારા વિશિષ્ટ બાળકો સાથે ઉજવણી કરવાનું 'વિશેષ' આયોજન કરવામાં આવ્યું છે.

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સ્પાઈસી સ્ટ્રીટ ખાતે થર્ટી ફર્સ્ટની ઉજવણીના ભાગરૂપે તા. ૩૧મી ડિસેમ્બરે શહેરમાં સૌ પ્રથમવાર ડરાવનારી ભૂતાવળની થીમ આધારિત 'સ્કેરી નાઈટ' ડીજે પાર્ટીનું આયોજન કરવામાં આવ્યુ છે. આ ડીજે પાર્ટી રાત્રે ૭ થી ૧૦ કલાક દરમ્યાન યોજાશે પરંતુ આ ડીજે પાર્ટીના ગ્રાઉન્ડમાં બપોરે ૪ થી ૬ વાગ્યા દરમ્યાન શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા ''હેપ્પી યુથ ક્લબ'' દ્વારા કુડાસણ ખાતેની વિશેષ એજ્યુકેશન સેન્ટરના ''વિશિષ્ટ'' મનોદિવ્યાંગ બાળકો સાથે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણી અંતર્ગત ''વિશેષ''ના ૩૫ થી વધુ સ્પેશિયલ બાળકો સાથે હેપ્પી યુથ ક્લબના સ્વયંસેવકો વિવિધ મનોરંજક રમતો રમશે અને સાથે રાસ-ગરબા-ડાન્સ વગેરેનો આનંદ પણ કરાવશે. વિશિષ્ટ બાળકો સાથે 'થર્ટી ફર્સ્ટ' ઉજવી તેમને 'હેપ્પી' કરવાનો યુવાનોનો આ પ્રેરક પ્રયાસ નવો ચીલો ચાતરશે.

## અડાલજ પોલીસે પાટનાકૂવા વિસ્તારમાં મકાનમાં દરોડો પાડીને દારૂની બોટલો પકડી

ગાંધીનગર, તા.૨૮

અડાલજ પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ એસબી પઢેરીયાની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ મનુષ્યને બાતમી મળી હતી કે અડાલજ પાસે પાટનાકૂવા વિસ્તારમાં દિનેશજી ઠાકોરના મકાનમાં રહેતો સુરેન્દ્ર મોડારામ ચૌધરી દારૂનો વેપલો કરે છે અને તેના મકાનમાં દારૂ સંતાડેલો છે. આ બાતમીના આધારે પોલીસની ટીમે દરોડો પાડીને મકાનમાંથી ૧૮ બોટલ દારૂ પકડી પાડ્યો હતો. પોલીસે ૧૦ હજારની કિંમતની દારૂની બોટલો સાથે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીનગર શહેર આંજણા (ચૌધરી) સમાજનો સ્નેહ મિલન સમારોહ પ્રભારી મંત્રી પરબતભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાશે

### સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ, વર્ગ-૧ ના અધિકારીઓ, ડૉકટર તથા ખાસ એવોર્ડ વિજેતાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં વસતા આંજણા ( ચૌધરી ) સમાજનો સ્નેહ મિલન સમારોહ તા. ૩૦ મી ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ સવારના ૯.૩૦ કલાકે પ્રમુખ ગ્રીન પાર્ટી પ્લોટ, સેકટર-૪ કોર્નર, ખ- રોડ ગાંધીનગર ખાતે પાણી પુરવઠા અને જળ સંપત્તિ રાજય મંત્રી શ્રી પરબતભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાશે.

ગાંધીનગર ચૌધરી સમાજના પ્રમુખ શ્રી કનુભાઈ ડી. ચૌધરી ( પ્રમુખ ગૃપ ) તથા મહામંત્રી શ્રી સતિષભાઈ ચૌધરીએ જણાવ્યું છે કે આ સમારોહમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ, વર્ગ-૧ના અધિકારીઓ, ડૉકટર તથા ખાસ એવોર્ડ વિજેતાઓનું સન્માન કરાશે. આ પ્રસંગે પુર્વ મંત્રી અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ શ્રી હરિભાઈ વી. ચૌધરી, મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મંગુબેન ચૌધરી, ધાનેરાના ધારાસભ્ય શ્રી નાથાભાઈ પટેલ, દિયોદરના ધારાસભ્ય શ્રી શિવાભાઈ ભુરીયા તથા માણસાના પુર્વ ધારાસભ્ય શ્રી અમિતભાઈ ચૌધરી ઉપસ્થિત રહેશે.

## ચ-૬ સર્કલ ખાતે આરોગ્ય સંભાળ, તંદુરસ્તી તથા સ્વાસ્થ્ય સલામતી અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

પેરાલીગલ વોલન્ટીયર અનિલ કક્કડ અને સિનિયર સિટીઝન કાઉન્સિલના અગ્રણી સભ્ય મનહરલાલ શાહના સંયુકત પ્રયાસોથી વરિષ્ઠ નાગરિકોના આરોગ્ય સંભાળ, તંદુરસ્તી અને સ્વાસ્થ્ય સલામતી સંબંધી એક જાહેર કાર્યક્રમ તાજેતરમાં ગાંધીનગર ચ-૬ સર્કલ ખાતે યોજાયો હતો. શિયાળાની ઠંડી ઋતુને અનુલક્ષી પ્રોસ્ટેટ ગ્રંથી અંગે તથા થાયરોઈડની બિમારી અંગે વિગતે જાણકારી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સ્મોલ ફાઈનાન્સ બેંક લીમીટેડ, ગીફટ સીટી ગાંધીનગરના બ્રાન્ચ મેનેજર ચેતન દક્ષિણીએ ઉપસ્થિત રહી વરિષ્ઠ નાગરિકો માટે તેમની મુડીની સલામતી, રોકાણ, કરવેરામાંથી મળતા લાભો, વિવિધ યોજના અંગે જાણકારી આપી હતી. પેરાલીગલ વૉલન્ટીયર સત્યનારાયણ પાંડેએ જિલ્લા કાનૂની સેવા દ્વારા કાનૂની સહાય અંગે લાભાન્વિત યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. સિનિયર સીટીઝન અગ્રણી મનહરલાલ શાહે ગાંધીનગરમાં ચાલતી લાફીંગ કલબોની પ્રવૃત્તિ સાથે એરોબીક એકસરસાઈઝનું મહત્વ સમજાવ્યું હતું.

## ગાંધીનગરની દીકરી મૈત્રી પટેલ અન્ડર-૧૯ બેડમિન્ટેનની સ્પર્ધામાં રાજયની ટીમમાં રમશે

ગાંધીનગર, તા.૨૮

૬૪મી નેશનલ સ્કુલ ગેમ્સ – ૨૦૧૮-૧૯ની અંડર-૧૯ની બેડમિન્ટેનની રમતમાં ગુજરાત રાજયની ટીમમાં ગાંધીનગરમાં રહેતી મૈત્રી મયૂરભાઈ પટેલની પસંદગી થઈ છે. જેઓ તા. ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૮ થી તા. ૨ જાન્યુઆરી, ૨૦૧૯ દરમ્યાન યોજાનાર નેશનલ સ્કુલ ગેમ્સમાં ભાગ લેવા ઔરંગાબાદ જશે.



ગાંધીનગરના નવવિકસિત કુડાસણની કાનમ- રેસિડેન્સીમાં રહેતી અને ધોરણ-૯માં અભ્યાસ કરતી ૧૪ વર્ષની મૈત્રી મયૂરભાઈ પટેલે તાજેતરમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા યોજાયેલ અંડર-૧૯ની પ્રિનેશનલ બેડમિન્ટેનની રાજય કક્ષાની સ્પર્ધામાં દ્વિતીય સ્થાન મેળવ્યો હતો. હવે, મહારાષ્ટ્ર રાજયના ઔરંગાબાદ ખાતે ૬૪મી નેશનલ સ્કુલ ગેમ્સ અંડર-૧૯ની બેડમિન્ટેન સ્પર્ધા યોજાનાર છે, જેમાં ગુજરાત રાજય તરફથી ગાંધીનગરની દીકરી મૈત્રી રમશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લા આયુર્વેદ શાખાના અમિયાપુર આયુર્વેદ દવાખાનામાં આયુર્વેદ મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા શ્રી ડૉ. મયૂરભાઈ પટેલની દીકરી છે. ડૉ. મયૂરભાઈ પણ છેલ્લા ૮ વર્ષથી અખિલ ભારતીય મુલ્કી લોન ટેનિસની રમત માટે ગુજરાત સેકેટરીએટની ટીમમાં પસંદગી પામી નેશનલ લેવલની લોન ટેનિસ સ્પર્ધામાં ભાગ લીધો છે.

## ચિરવિદાય

- સ્વ. પરમાર બળદેવભાઈ બાબુભાઈ, ઉ.વ. ૨૭
- સ્વ. હરબનસિંઘ સુંદરસિંઘ ચઢ્ઢા, ઉ.વ. ૯૩
- સ્વ. યોગેશભાઈ રણછોડભાઈ દખણી, ઉ.વ. ૫૦
- સ્વ. મંજુલાબેન નરસિંહભાઈ વાઘેલા, ઉ.વ. ૬૦
- સ્વ. પટેલ અમૃતભાઈ હરગોવનભાઈ, ઉ.વ. ૬૪
- સ્વ. પ્રશાંત રસિકલાલ આચાર્ય, ઉ.વ. ૫૦
- સ્વ. રાજુભાઈ કાભાઈ ઠાકોર, ઉ.વ. ૩૦
- સ્વ. લીલાવતી શ્રીચંદ રામનાણી, ઉ.વ. ૭૪